www.bankofbaroda.com

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda
भारत का अंतर्राष्ट्रीय बैंक

કૉર્પોરેટ ઑફિસઃ બરોડા કૉર્પોરેટ સેન્ટર, સી–26, ‘‘જી’’બ્લૉક, બાન્દ્રાકુર્લા કૉમ્પ્લેક્સ, વાન્દ્રા (પૂર્વ), મુંબઈ 400051

# રેકૉર્ડ તારીખની સૂચના

## વિજયા બૅન્ક અને દેના બૅન્કનું બૅન્ક ઑફ બરોડામાં વિલિનીકરણ

ભારત સરકાર દ્વારા 2 જાન્યુઆરી, 2019 ના રોજ બૅન્કિંગ કંપનીઝ (એક્વિઝિશન ઍન્ડ ટ્રાન્સફર ઑફ અંડરટેકિંગ્સ) ઍક્ટ, 1970/1980 અંતર્ગત સૂચિત કરાયેલ ‘‘અમાલ્ગમેશન ઑફ વિજયા બૅન્ક ઍન્ડ દેના બૅન્ક વિથ બૅન્ક ઑફ બરોડા સ્કીમ, 2019’’ સંદર્ભે છે.

આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે બૅન્ક ઑફ બરોડાના બોર્ડ ઑફ ડાયરેક્ટર્સ દ્વારા 20 ફેબ્રુઆરી, 2019 ના રોજ તેમની સભામાં સૂચિત સ્કીમ અનુસાર **બૅન્ક ઑફ બરોડા (ટ્રાન્સફરી બૅન્ક) ના ઈક્વિટી શૅર્સ નીચે જણાવેલ શૅર એક્સચેંજ રેશિયો અનુસાર વિજયા બૅન્ક અને દેના બૅન્ક (ટ્રાન્સફરર બૅન્ક્સ) ના શૅરધારકોને જારી કરવા અને ફાળવવા માટે સોમવાર, 11 માર્ચ, 2019ને રેકૉર્ડ ડેટ તરીકે નિશ્ચિત કરવામાં આવી છે.**

1. બૅન્ક ઑફ બરોડાના પ્રત્યેક રૂ.2 મૂલ્યના 402 ઈક્વિટી શૅર્સ વિજયા બૅન્કના પ્રત્યેક રૂ.10 મૂલ્યના 1000 ઈક્વિટી શૅર્સ સામે.
2. બૅન્ક ઑફ બરોડાના પ્રત્યેક રૂ.2 મૂલ્યના 110 ઈક્વિટી શૅર્સ દેના બૅન્કના પ્રત્યેક રૂ.10 મૂલ્યના 1000 ઈક્વિટી શૅર્સ સામે.

તદ્નુસાર, ટ્રાન્સફરર બૅન્કોના શૅરધારકોના નામો કે જે અનુક્રમે રજિસ્ટર ઑફ શૅરહોલ્ડર્સ/રજિસ્ટર ઑફ બેનિફિશિયલ ઑનર્સમાં રેકૉર્ડ તારીખના રોજ મુજબ નોંધાયેલા હોય તેઓ ઉપર જણાવેલ શૅર એક્સચેંજ રેશિયો મુજબ ટ્રાન્સફરી બૅન્કના ઈક્વિટી શૅર્સ મેળવવા હકદાર રહેશે.

ટ્રાન્સફરર બૅન્કોના શૅરધારકો જેઓ ઈચ્છતા હોય (ક) તેમના શૅર્સ ટ્રાન્સફર કરવા; અથવા (ખ) તેમનું નોંધણીકૃત સરનામું બદલવા ઈત્યાદિ તેમણે તેમની અરજીઓ રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ (આરટીએ) એટલે કે, લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (ટ્રાન્સફરર બૅન્કોના આરટીએ) ને રેકૉર્ડ ડેટ પહેલા તેમના નીચે જણાવેલા સરનામે મોકલવાની રહેશેઃ

લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ.
સી 101, 247 પાર્ક,
એલ.બી.એસ. માર્ગ, વિક્રોલી (પશ્ચિમ),
મુંબઈ 400083
ટેલીફોન નં.: 022–49186270
ઈ–મેઈલ આઈડીઃ rnt.helpdesk@linkintime.co.in

રેકૉર્ડ ડેટ પછી ટ્રાન્સફરર બૅન્કોના ઈક્વિટી શૅર્સ સંબંધિત બધો જ **પત્રવ્યવહાર માત્ર ટ્રાન્સફરી બૅન્કના રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ એટલે કે કાર્વિ ફિનટેક પ્રાઈવેટ લિમિટેડ સાથે નીચે જણાવેલા સરનામા પર કરવાનો રહેશે.**

કાર્વિ ફિનટેક પ્રાઈવેટ લિમિટેડ (યુનિટઃ બૅન્ક ઑફ બરોડા)
કાર્વિ સેલેનિયમ ટાવર બી, પ્લૉટ 31–32, ગચિબાઉલી
ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટ, નાનાક્રમગુડા, સેરિલિનામપલ્લી મંડલ,
હૈદ્રાબાદ – 500032.
ફોનઃ 040 6716 2222/18003454001 (ટોલ ફ્રી)
ઈ–મેઈલઃ einward.ris@karvy.com

સ્કીમના ક્લોઝ 6(2)(i) અન્વયે ટ્રાન્સફરર બૅન્કના શૅરધારકો કે જેઓ ફ્રેક્શનલ શૅર્સ, જો કોઈ હોય તે મેળવવા હકદાર હોય તેમને આવાં ફ્રેક્શનલ શૅર્સ માંથી ઉપજતી રકમ ડિપૉઝિટરીઓ દ્વારા ઉપલબ્ધ કરાયેલા ડેટા અનુસાર અથવા ટ્રાન્સફરર બૅન્કોના આરટીએ સાથે નોંધણીકૃત કર્યા મુજબ તેમના બૅન્ક અકાઉન્ટ્સમાં સીધી જ ક્રેડિટ કરવામાં આવશે અથવા તેમના નોંધણીકૃત સરનામા પર વૉરંટ્સ મોકલવામાં આવશે.

રેકૉર્ડ ડેટ અનુસાર ટ્રાન્સફરર બૅન્કોના ઈક્વિટી શૅર્સ પર ટ્રેડિંગ બીએસઈ લિમિટેડ અને નૅશનલ સ્ટૉક એક્સચેંજ ઑફ ઈન્ડિયા લિમિટેડ માંથી સ્ટૉક એક્સચેંજોના ધોરણો અનુસાર રદ કરવામાં આવશે.

રેકૉર્ડ ડેટ સહિત સ્કીમની સૂચના બૅન્કની વેબસાઈટ એટલે કે **www.bankofbaroda.com**, બીએસઈ લિમિટેડ (www.bseindia.com) અને નૅશનલ સ્ટૉક એક્સચેંજ ઑફ ઈન્ડિયા લિમિટેડ (www.nseindia.com) કે જ્યાં બૅન્કના શૅર્સ લિસ્ટેડ છે તેના પર પણ ઉપલબ્ધ છે.

**પી. કે. અગ્રવાલ,**
**કંપની સેક્રેટરી,**
**બૅન્ક ઑફ બરોડા**

**સ્થળઃ : મુંબઈ**
**તારીખઃ 22 ફેબ્રુઆરી, 2019**

88/18-19